Ann- 1

નવી શાળા/ઉપલા ધોરણો/વધારાના વર્ગો માટે

ક્રમાંક:ખપશ/માન્યતા/૨૦૦૯/ખ–૩/૫૦૩૯–૪૦/૦૯.
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી,
નવસારી તા.: ૨૯ /૫/૨૦૦૯

પ્રતિ,
પ્રમુખશ્રી,
શ્રી હરિ સર્વોદય ટ્રસ્ટ,
જુના વલસાડ રોડ,સમરોલી,
તા. ચીખલી,જિ. નવસારી.

**વિષયઃ–જૂન ૨૦૦૯ના શૈક્ષણિક વર્ષથી ખાનગી પ્રાથમિક શાળામાં નવી શાળા/ઉપલા ધોરણો/વધારાના વર્ગો શરૂ કરવાની મંજુરી અંગે.**

સંદર્ભઃ– (૧)શ્રી હરિ સર્વોદય ટ્રસ્ટ, જુના વલસાડ રોડ, સમરોલી, તા. ચીખલી,જિ. નવસારી. દ્રારાઃ સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ ગુણાતીત વિદ્યાધામ સમરોલી, તા. ચીખલી નામથી જૂન ૨૦૦૯ ના શૈક્ષણિક વર્ષથી નવીન ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી માટેની/ ઉપલા ધોરણો/વધારાના વર્ગો શરૂ કરવાની અરજી તા.૨૮/૧/૨૦૦૯
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ની અરજીની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો તારીખઃ ૧૫/૫/૨૦૦૯

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભમાં ક્રમ (૧)માં નિર્દેશ કરેલ અરજી અન્વયે ક્રમ (૨) માં નિર્દેશ કરેલ અધિકૃત અધિકારીની ઉકત અરજીની ચકાસણી અંગેની વિશેષ નોંધો અને ભલામણો ઉપર વિચારણા કરીને સંદર્ભ ક્રમ (૧)માં નિર્દેશ કરેલ શાળાને, અંગ્રેજી માધ્યમમાં ઉપલા ધોરણો/વધારાના વર્ગોમાં પ્રાથમિક શિક્ષણ આપવા માટે/શરૂ કરવા માટે મુંબઈ પ્રા.શિક્ષણ અધિનિયમ–૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ હેઠળ શિ.વિ.ગુ.રા.ના જાહેરનામા ક્રમાંક : જી.પી.એસ./૧૦૯૭/૧૪૯૫/છ, તા.૧૮/૪/૯૮ થી મળેલ અધિકાર અન્વયે અનુદાન નહી મેળવવાની શરતે આ સાથે સામેલ અનુસૂચિ –૧ની શરતોનું પાલન કરવાની શરતે જુન ૨૦૦૯ થી માન્ય ખાનગી નવી પ્રાથમિક શાળા /ઉપલા ધોરણો/વધારાના વર્ગો શરૂ કરવા મંજુરી આપવામાં આવે છે.

નોંધઃ–(૧) શિડયુલ–એફ ના અમલ કરવાની શરતે ધો. ૧ થી ધો. ૭ નો ક્રમિક (અંગ્રેજી) વર્ગની મંજુરી આપવામાં આવે છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત નવસારી

S. D. JAIN MODERN SCHOOL * SURAT *

Principal
Shree Swaminarayan International
Gunatit Vidyadham
Chikhli, Dist. Navsari

નકલ જાણ અને ઘટીત કાર્યવાહી અર્થે રવાનાઃ–
નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ,ગાંધીનગરઃ
નકલ રવાનાઃ–
આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી તરફ જાણ સારૂ

D:\VINODBHAI 07\KHANGI SHALA\MANJURI LETER 2007.doc

## ❦ અનુસૂચિ--૧ ❦

મંજૂર કરેલી માન્ય ખાનગી પ્રાથમિક શાળાએ નીચેની શરતોનું ચુસ્તતા પૂર્વક પાલન કરવાનું રહેશે.

(૧) મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ના સુધારેલા નિયમ ૧૦૬ (ક) ના પેટા નિયમ (૪) અને (૭) ને આધીન રહીને આ મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) શાળાના કામકાજનું નિયમન શિક્ષણ સમિતિ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતા હુકમો/ આદેશો મુજબ કરવાનું રહેશે.

(૩) અધ્યાપકીય સ્ટાફના પગાર ધોરણ, ભથ્થાંના દરો સરકાર વખતો વખત મંજૂર કરે તે રાખવાના અને ચૂકવવાના રહેશે.

(૪) શાળાએ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફીના દર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મંજૂર કરેલ દરે જ વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલ કરવાની અને જરૂરી પહોંચ– પાવતી આપવાની રહેશે.

(૫) શાળા નફાના હેતુથી ચલાવવામાં આવશે નહી. નિરીક્ષક શાળાકીય ઓડિટ હિસાબોનું પત્રક શાળાના શૈક્ષણિક સમયે નિરીક્ષણ કરી શકશે.

(૬) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળ, વિદ્યાર્થીઓનાં માતા કે પિતા અથવા વાલીઓને પોતાની શાળામાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સારુ ટ્રસ્ટ કે મંડળને દાન અથવા લોન આપવા માટે ફરજ પાડી શકાશે નહી અથવા ફરમાવી શકાશે નહી.

(૭) શાળા નિભાવતા ટ્રસ્ટ કે મંડળના સંચાલક મંડળે અનુસૂચિત બેંકમાં ખાતું ખોલાવવાનું રહેશે અને સ્ટાફના પૂરા પગારની ચુકવણી આવા ખાતામાંથી ચેક પદ્ધતિ દ્વારા કરવાની રહેશે.

(૮) શાળાએ, સરકારે મંજૂર કરેલા અભ્યાસક્રમ અને વિષયસૂચિ અનુસરવાના રહેશે. સરકારે વખતો વખત મંજૂર કરેલાં અથવા ઠરાવેલાં પાઠયપુસ્તકોનો ઉપયોગ કરવાનો રહેશે. મંજૂર કરેલાં પાઠય પુસ્તકો સિવાયના સાહિત્યનો ઉપયોગ અભ્યાસક્રમના માધ્યમ તરીકે કરી શકાશે નહી.

(૯) શાળા ચલાવતા ટ્રસ્ટ કે મંડળના વ્યવસ્થાતંત્રની ફેર બદલી કરી શકાશે નહિ. પૂર્વ પરવાનગી વિના કરેલ ફેરફાર બિન અધિકૃત તરીકે સ્વીકારી અપાયેલી મંજૂરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

(૧૦) શાળા શરૂ કરવા જે મકાન અને સ્થળે મંજૂરી આપવામાં આવી હોય તે મકાન– સ્થળમાં પૂર્વ પરવાનગી વિના કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકાશે નહી.આવા કરાયેલ ફેરફારના કારણે અપાયેલ મંજૂરી રદ થવાને પાત્ર રહેશે.

(૧૧) જે શૈક્ષણિક વર્ષમાં શાળાને/ વર્ગને મંજૂરી આપવામાં અવી હોગ તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજૂરી મળ્યાની પછીના જ માસ સુધીમાં શાળા શરૂ કરવામાં નહી આવે તો અપાયેલ મંજૂરી રદ થશે.

(૧૨) મંજૂર કરેલી શાળાના મકાનમાં અમાન્ય વર્ગ/ ધોરણોનું સંચાલન કરી શકાશે નહી.

(૧૩) શાળાના અધ્યાપકીય સ્ટાફ શાળાના કદને ધ્યાનમાં લેતાં પૂરતો અને તાલીમી લાયકાત ધરાવતો હોવો જોઈશે. સરકારે વખતો વખત ઠરાવેલ લાયકાતો ધરાવતા તાલીમી શિક્ષકોની જ નિમણૂંક કરવાની રહેશે. શિક્ષકોની ભરતી મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ સાથેની અનુસૂચિ " છ" ની જોગવાઈઓને આધીન રહીને કરવાની રહેશે.

(૧૪) શાળામાં વર્ગ દીઠ વિદ્યાર્થીઓના પ્રવેશની સંખ્યા મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો, ૧૯૪૯ના સુધારેલા નિયમ: ૧૦૬ (ક) (૭) (૩) પ્રમાણે રાખવાની રહેશે.

(૧૫) શાળાકીય માહિતી માટે, શાળાકીય નિરીક્ષણ માટે જયારે જિલ્લા/ શિક્ષણ સમિતિ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કે અન્ય અધિકૃત પ્રતિનિધિ, માહિતી – વિગત માગે તે વિના વિલંબે અધિકૃત માહિતી પૂરી પાડવાની રહેશે.

Principal
Shree Swaminarayan International
Gunatit Vidyadham
Chikhli, Dist. Navsari

(૧૬) જયારે જયારે, જરૂર પડે ત્યારે, શાળાનું મકાન જાહેર પરીક્ષાઓ માટે કે જાહેર હિતાર્થે, શાળા સંચાલકોએ ફાજલ કરી, ઉપયોગ માટે આપવાનું રહેશે.

(૧૭) શાળાની માન્યતા સંદર્ભમાં, મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમની જોગવાઈ અનુસાર માન્ય ખાનગી પ્રાથમિક શાળા તરીકે મંજૂર કરતું પ્રમાણપત્ર ફાઈલે રાખવુ.

(૧૮) શિક્ષકોની નવી નિમણૂક કરતી વખતે અન્ય ખાનગી માન્ય પ્રાથમિક શાળા બંધ થવાના કારણે/ શાળામાં ધોરણ/ વર્ગ ઘટાડાના કારણે ફાજલ પડેલા તાલીમી શિક્ષકોને અગ્રિમતાના ધોરણે નિમણૂક આપવાની રહેશે.

(૧૯) ખાનગી પ્રાથમિક શાળા ચલાવતું ટ્રસ્ટ/ મંડળ પોતાની શાળા અન્ય ટ્રસ્ટ/ મંડળને વેચી શકશે નહી.

(૨૦) આ અગાઉ તમારી અરજીની માન્યતા નકારવામાં આવી હોય અને સરકારશ્રીમાં મંડળ– ટ્રસ્ટ દ્વારા અપીલ નોંધાવવામાં આવી હોય, તો તેના હકારાત્મક નિર્ણય સામે આ પત્રથી અપાયેલ મંજૂરી સરભર કરવાની રહેશે.

(૨૧) સંસ્થા આ કચેરીના ઉકત નિર્ણય સામે અપીલ કરવા ઈચ્છે તો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૯ ની કલમઃ ૪૦–ક (૮)ની જોગવાઈ મુજબ નિર્ણયની જાણ કર્યા તારીખથી એક માસમાં સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, બ્લોક નં ૫ના ૭ મા માળે ગાંધીનગરને અપીલ રજૂ કરી શકશે. આ અરજી ઉપર રૂા. ૫/– ની કોર્ટ ફી– સ્ટેમ્પ અચૂક લગાવવાની રહેશે.

(૨૨) આમુખ–૨ માં જણાવેલ પત્ર અનુસાર ખાનગી પ્રાથમિક શાળામાં નિવૃતિ વય મર્યાદા ( ૫૮ વર્ષ) વટાવી ગયેલ ઉમેદવારોની પ્રાથમિક શિક્ષક તરીકે ભરતી કરી શકાશે નહી.

(૨૩) માધ્યમિક શાળા સાથે પ્રાથમિક શાળા ચાલતી હોય તો માધ્યમિક શાળાનો આચાર્ય પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે સેવા બજાવી શકશે નહી. પ્રાથમિક શાળા માટે શાળામાં કામ કરતા શિક્ષક પૈકી કોઈ એકને આચાર્ય તરીકેની કામગીરી સુપ્રત થઈ શકશે.

ઠાલ્ટ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,
જીલ્લા પંચાયત: નવસારી.

English Translation of Recognition Certificate by DEO (in Gujarati)

New School /upper class/For Increasing Classes

No:KhaPaSha/Apprv./2009/Kha-3/5038-40/09

D.P.E.Office

Navsari Date: 18-05-2009

To,
The President
Shree HariSarvodaya Trust,
Juna Valsad Road,
Samroli
Ta. Chikhli Dist-Navsari

Subject- Regarding obtaining permission for primary school to elevate standards and classes from Academic year June 2009.

(i) Shree HariSarvoday trust, Juna Valsad Road Ta.Chikhli, Dist. Navsari hereby seeks with application dated 28-01-2009 to establish a school named Shree Swaminarayan International Gunatit Vidhyadham and to elevate grades and increase classes from Academic session June 2009.

(ii) The authorized by the direction issued by the district primary education officer with respect to the above mention appeal dated: 15-05-2009.

In context with above mention subject (i) and the direction issued by the authorized officer as mention in subject(ii) the school as mention in Sr.no (I) was granted permission to elevate classes and increase number of section as needed. The permission was granted as per the provisions of Mumbai primary Education Act 1947, Education Department Gujarat State notification number K.P.S. / 1047/1495/6 , Date:-18-04-'98. Under the condition that the school will not be provided monetary Government aid and the school will be obliged to follow all the guidelines and rules mention in the attached annexure.

Note: Under the condition of the schedule – F, given permission for classes 1 to 7.

Sd / Illegible
District Primary Education Officer
District Panchayat Navsari

Copy to

1. Director,P.E.Gandhinagar
2. T.D.O. , Chikhli

S. D. JAIN MODERN SCHOOL SURAT

Principal
Shree Swaminarayan International
Gunatit Vidyadham
Chikhli, Dist. Navsari